# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 173 B.N.S.S)

## (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 173 હેઠળ)

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | District (જીલ્લો) | અમદાવાદ શહેર | Police Station (પોલીસ સ્ટેશન) | સરખેજ | Year (વર્ષ) | 2026 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક) | 11191048260721 | Date (તારીખ) | 09/09/2026 | | |

2 (i) Act (અધિનિયમ) બી.એન.એસ | Sections (કલમો) 316(2),318(4),61(2)

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | સોમવાર | Date from (તારીખથી) | 22/09/2025 | Date to (તારીખ સુધી) | 09/09/2026 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 00:00 | Time to (કલાક સુધી) | 16:00 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) | Date (તારીખ) 09/09/2026 | Time (સમય) 17:10

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) | Time (સમય)

4 Type of Information:(માહિતીનો પ્રકાર) પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર) પશ્ચિમ,5.00 (કિ.મી.) | Beat No. (બીટ નંબર)

(b) (ખ) Address (સરનામું) એસ પી રીંગ રોડ પર આવેલ ગોપાલ ફાર્મમાં નોરતા નગરી ખાતે , અમદાવાદ શહેર.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) | District (જીલ્લો)

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)

(a) Name અર્જુનભાઈ (b) Father's/ ગગુભાઈ ભૂતિયા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (ક) | (નામ) | ગગુભાઈ ભૂતિયા | (ખ) | Husband's Name (પિતા/પતિનું નામ) | | |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | | 36 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય |
| (e) (ङ) | | | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | અન્ય | (g) (છ) | Address (સરનામું) | ઈ 201 ઇસકોન પ્લેટેનીયમ રાજપથ રંગોલી રોડ બોપલ અમદાવાદ, અમદાવાદ શહેર. | |

7 Details of known/suspected/unknown accused with full particulars: (Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|---|
| (1) | દર્શનભાઈ શાહ | | |
| (2) | જયેશભાઈ પરમાર | | |
| (3) | રવિભાઈ શાહ | | |
| (4) | સંજયભાઈ દેસાઈ | | |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

na

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મ્રુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

આ કામે હકિકત એવી છે કે અમારા ભાગીદાર પાશ્ર્વ જ્વેલર્સ દર્શનભાઈ શાહ મો.નં.9429025614 તથા તેમના મેનેજર જયેશભાઈ પરમાર મો.નં.7984129986 તેમજ રવિભાઈ શાહ પાશ્ર્વ જ્વેલર્સ મો.નં. 9429480858 તથા સંજયભાઈ દેસાઈ મો.નં.7861889559 વાળા નાઓએ એક સંપ થઇ અમોએ સને.૨૦૨૫ માં આયોજન કરેલ નોરતા નગરી ઈવેન્ટની કોમ્પલીમેન્ટરી ટિકિટ ને ઇશ્યુ ટીકીટ તરીકે ખોટી રીતે બનાવી ઓનલાઇન પ્લેટફોર્મનો ખોટી રીતે ઉપયોગ કરી અમો તમામ ભાગીદારોની જાણ બહાર ટીકીટોનું વેચાણ કરી આશરે 8 થી 10 કરોડનો આર્થિક લાભ મેળવી

અમારી સાથે વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય પોલીસ ઇન્સ્પેકટર એલ.એલ.ચાવડા રૂબરૂની નીચે જણાવેલ ફરી યાદીશ્રીની નીચે જણાવેલ આરોપીઓ વિરુધ્ધની ફરીયાદ હકિકત લખી લઇ ગુનો રજીસ્ટર થવા સારૂ આ બરાબર મોકલી આપેલ છે.તો ફરીયાદ પરથી ગુનો રજીસ્ટર કરી બી.એન.એસ.એસ. કલમ ૧૭૬ મુજબનો જાહેર રીપોર્ટ કરી વધુ તપાસ આર્થે કાગળો પરત કરેલ છે

Complaint(ફરિયાદ)

તા.૦૯/૦૯/૨૦૨૬

મારૂ નામ અર્જુનભાઈ ગગુભાઇ ભૂતિયા ઉ.વ.૩૬ ધંધો- ઈવેન્ટ મેનેજમેન્ટ રહે, ઈ-૨૦૧, ઇસકોન પ્લેટેનીયમ , રાજપથ રંગોલી રોડ,બોપલ, અમદાવાદ મો.નં. ૯૯૭૪૨૦૪૭૩૦

રૂબરૂમાં પુછવાથી જાહેર કરી મારી ફરીયાદ હકિકત લખાવું છું.કે હું ઉપર બતાવેલ સરનામે મારા પરીવાર સાથે રહું છું અને છેલ્લા ઘણા સમય થી હેકટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર નામ થી ઈવેન્ટ મેનેજમેન્ટનું કામકાજ કરૂ છું.

આજરોજ આપ સાહેબ મને સરખેજ પોલીસ સ્ટેશન અરજી નંબર- LA/૫૬૩/૨૦૨૬,તા.૨૬/૦૮/૨૦૨૬ મુજબના કામે પૂછપરછ કરતા મારી ફરીયાદ લખાવુ છું કે,

હું ઈવેન્ટનું કામકાજ કરતો હોય મારા મિત્ર જીગરભાઇ ચૌહાણ તથા કૃષ્ન ગઢવી તથા દર્શનભાઇ શાહ નાઓએ ભેગા મળી સને-૨૦૨૫ માં “ નોરતા નગ” ના નામે ઈવેન્ટનુ આયોજન કરવા માટેનુ નક્કી કરેલ હતું. જેમા ભાગીદાર ત રીકે મે જીગરભાઇ ચૌહાણ તથા કૃષ્ન ગઢવી તથા પાશ્વ જવેલર્સ ના માલીક દર્શનભાઇ શાહ નાઓ હતા. આ દરમ્યાન દ ર્શનભાઇ શાહ કે જેઓ પાશ્ર્વ જ્વેલર્સના માલીક હોય જેથી તેમના મેનેજર જયેશ પરમારને આ ઈવેન્ટમાં ભાગીદાર રા ખવા ભલામણ કરેલ જેથી અમો બધા ભાગીદાર મળી તેમના મેનેજર જયેશભાઇ પરમાર નાઓને ભાગીદાર તરીકે રાખવા સહમત થયેલ. અને અમે તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ નોટરાઇઝ કરારથી AAI EVENT ના નામની પેઢીનો ભાગી દારીનો કરાર કરેલ હતો.

બાદ ઈવેન્ટમાં કામગીરી વેચણી કરવા અમે બધા ભાગીદારોએ એક મીટીંગનુ આયોજન કરેલ આ મીટીંગમાં અમો તમામ ભાગીદારોની જવાબદારી નક્કી કરવામાં આવેલ જેમાં ટીકીટની વહેચણી કરવાની જવાબદારી જયેશભાઇ પરમાર નાઓને સોપવામાં આવેલ. જેમા ઇશ્યુ વાળી ટીકીટો District app by Zomato એપ્લિકેશનમાં ઓનલાઇન ટીકીટ વેચવા તથા ઓફલાઈન ટીકીટ વેચવા માટેનુ અમારી રીતે બધા ભાગીદારોએ નક્કિ કરેલ હતું. તેમજ આ સિવાય અમારા સ્પોન્સર્સ તથા વિવિધ પરીચીતો ને ગરબામાં આવવા માટે રોજની ૪,૦૦૦ કોમ્પ્લિમેન્ટરી ટીકીટ વેચવાનું નક્કી થયેલ તે મજ આ ઉપરાંત વધુ કોમ્પ્લિમેન્ટરી ટીકીટ વેચાણ કરવાની જરૂરીયાત ઉભી થાય અથવા પૈસાથી ઇશ્યુ વાળી ટીકીટ વેચા ણ કરવાની હોય તો ટીકીટ વહેચણી કરતા પહેલા અમારા બધા ભાગીદારોની સહમતી લીધા બાદ ટીકીટ વેચણી કરવી તેમ નક્કી કરવામા આવેલ હતું.

બાદ નોરતા નગરી ઈવેન્ટ ચાલુ થવાના થોડા સમય પહેલા અમારા ભાગીદાર દર્શનભાઇનો મારા પર ફોન આ વેલ અને મને જણાવેલ કે “ આપણે બલ્કમા ટીકીટ વેચણી કરવા માટે કોઇ એજન્સીને આપી દઇએ. જેથી એક સાથે બ લ્કમાં ટીકીટ વેચાઇ જશે.” પરંતુ અમોએ કોઇ એજન્સી સાથે ટીકીટ વેચણી કરવા માટે એગ્રીમેન્ટ કરેલ નહિ.

બાદ આ નોરતા નગરીનો ઈવેન્ટ ચાલુ હતો તે સમય દરમ્યાન અમોને જાણવા મળેલ કે બે અજાણ્યા માણસો નો રતા નગરીના ગ્રાઉન્ડ ઉપર ઓફ લાઇન ટીકીટ વેચતા જોવા મળેલ જેથી અમોએ તેઓને આ બાબતે પુછતા તેવોએ અમો ને જણાવેલ કે “ નોરતા નગરી “ ગરબાની ટીકીટો અમને ટીકીટ ટાવર કંપનીના ઉમંગભાઇ મો.નં.૯૮૯૮૦૧૬૨૨૧ ના ઓએ અમને કામ સોપેલ છે. જેથી અમોએ આ ઉમંગભાઇનો સંપર્ક કરી પુછ્પરછ કરતા તેઓએ અમને જણાવેલ કે આ ટીકીટો તેમને દર્શનભાઇ શાહ નાઓએ આપેલ હોવાનું અને તેઓના કહેવાથી ઇશ્યુ વાળી ટીકીટ પૈસાથી વેચતા હોવાનુ જણાવેલ હતું. પરંતુ તે સમયે અમારો કાર્યક્રમ ચાલુ હોય અને કાર્યક્રમ બગડે નહી તે હેતુથી અમે જે તે વખતે કોઇ કાર્યવાહી કરેલ ન હતી. બાદ આ ઈવેન્ટ પુર્ણ થઇ ગયા બાદ District app by Zomato પાસેથી માહિતી મેળ વતા જેમા Total Sale Ticket – 1,55,980 હતી. જેમા Issued Ticket – 30,634 તેમજ Total Co mplimentery Ticket – 1,04,576 તેમજ On ground Ticket (District) - 3857 તેમજ Online

Ticket (District) - 16913 નું વેચાણ થયેલ હોવાનુ જણાઇ આવેલ હતું. જેમા Complimentery Ticket ના વેચાણ બાબતે અમે Zomato ને પુછતા તેઓએ અમને જણાવેલ કે તેઓએ દર્શનભાઇ શાહ નાઓના કન્સલન્ટથી તેમના ભાણેજ નામે રવિભાઇ શાહ નાઓને મોકલી આપેલ હતી. જેથી આ બાબતે અમોએ અમારા ભાગીદાર દર્શનભાઇ શાહને પુછતા તેઓએ વેચાણ કરાવેલ નહિ હોવાનો ઉડાવ જવાબ આપેલ અને કોઇ યોગ્ય ખુલાસો કરેલ નહી.

જેથી અમારા ભાગીદાર પાશ્ર્ચ જ્વેલર્સ દર્શનભાઇ શાહ મો.નં.9429025614 તથા તેમના મેનેજર જયેશભાઈ પરમાર મો.નં.7984129986 તેમજ રવિભાઇ શાહ પાશ્ર્ચ જ્વેલર્સ મો.નં. 9429480858 તથા સંજયભાઈ દેસાઇ મો.નં.7861889559 વાળા નાઓએ એક સંપ થઇ અમોએ સને-૨૦૨૫ માં આયોજન કરેલ ""નોરતા નગ" ઈવેન્ટની Complimentery Ticket ને ઇશ્યુ ટીકીટ તરીકે ખોટી રીતે બનાવી ઓનલાઇન પ્લેટફોર્મનો ખોટી રીતે ઉપયોગ કરી અમો તમામ ભાગીદારોની જાણ બહાર ટીકીટોનું વેચાણ કરી આશરે ૮ થી ૧૦ કરોડનો આર્થિક લાભ મેળવી અમારી સાથે વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય મારી તેઓના વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા ફરીયાદ છે. મારા સાહેદ પોલીસ તપાસમાં માળે આવે તે વિગેરે છે.

એટલી મારી ફરીયાદ હકિકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.મને મારી ફરીયાદની નકલ મળેલ છે.

રૂબરૂ

..............................................

(એલ.એલ.ચાવડા)

પોલીસ ઈન્સ્પેકટર

સરખેજ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- લખમણભાઇ લાખાભાઇ ચાવડા Rank(હોદ્દો):- પોલીસ ઈન્સ્પેકટર
No.:- llc010584 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant.
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

| | | | |
|---|---|---|---|
| Name (નામ) | જયેશકુમાર શનાભાઇ વરીયા | | |
| Rank (હોદ્દો) | આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર | GPF No (જીપીએફ નંબર) | POL126147 |

15 Date and time of dispatch to the court.
(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અ
ને સમય) 09/09/2026 17:10